**સૂચના ક્રમાંકઃઃ 15/2/31**

**સૂચના મળવાની તારીખઃ : 08/08/2023**

**સમયઃઃ 11:41 AM**

**સહી/હસ્તાક્ષર**

કચેરીના ઉપયોગ માટે

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

વિષય જળ સંચય અભિયાન અંગે.

સૂચના મળ્યા તારીખઃ 08/08/2023

મંત્રીઃ બાવળિયા શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ

ગૃહમાં જવાબ આપવાની તારીખઃ ..........................................................................................

---

મોકલનાર/પ્રેષકઃ

શ્રી કાંધલભાઈ સરમણભાઈ જાડેજા(84) , સભ્યશ્રી

પ્રતિ

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગુજરાત-૧

શ્રીમાન,

આપનો વિશ્વાસુ,

શ્રી કાંધલભાઈ સરમણભાઈ જાડેજા(84)

સભ્યશ્રી

08/08/2023 11:41 AM

મતવિસ્તાર ક્રમાંક અને નામ:84

અગ્રતા ક્રમ :-

* જળસંપત્તિ અને પાણી પુરવઠા જણાવવા કૃપા કરશે કે:- :

''જળ એ જ જીવન છે'' તે આપણે જાણીએ છીએ, અન્ય રાજ્યોની સરખામણીએ આપણા રાજ્યમાં વરસાદ ઓછો અને અનિયમિત પણ છે. રાજયના સબંધિત વિભાગો દ્વારા જળસંચયની કામગીરી અંતર્ગત વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન ચોમાસા પહેલાં રાજ્યમાં જળ સંગ્રહનો વ્યાપ વધે તે મુજબના કામો લોકભાગીદારીથી હાથ ધરવા માટે ''સુજલામ સુફલામ જળ અભિયાન'' હાથ ધરવામાં આવેલ છે.

''સુજલામ સુફલામ જળ અભિયાન'' હેઠળ મુખ્યત્વે જળસંગ્રહના કામો જેવા કે તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમો, જળાશયોનું ડીસીલ્ટીંગ તથા રીપેરીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ તથા મરામત, નદી, વોંકળા, કાંસ, ગટરની સાફસફાઈ, નદીને પુનઃ જીવિત કરવી વગેરે જેવા પરંપરાગત જળ સ્ત્રોતોના નવિનીકરણના કામો તથા નવા તળાવો-ચેકડેમો બનાવવા, વન તલાવડી, ખેત તલાવડી, માટીપાળા, ગેબીયન, કન્ટુર ટ્રેન્ચ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, પીવાના પાણીની ટાંકીઓ સંપ, ઈન્ટેક સ્ટ્રકચર, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ/સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરેની તથા તેની આસપાસની સફાઈ, પીવાના પાણીનો બગાડ રોકવા માટેના જન જાગૃતિ કાર્યક્રમો વગેરે જેવા કામો હાથ પર લેવામાં આવે છે. "સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત રાજ્યભરમાં મોટા પ્રમાણમાં જળસંગ્રહ થયેલ છે અને ધરતીના ભૂગર્ભ જળ પણ ઊંચા આવેલ છે. ''સુજલામ સુફલામ જળ અભિયાન'' હેઠળની કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવાયેલ છે અને પ્રશંસા થયેલ છે. વર્ષ ૨૦૨૦ તથા વર્ષ ૨૦૨૧ દરમિયાન કોરોનાની વૈશ્વિક મહામારીની પરિસ્થિતિ વચ્ચે પણ આ અભિયાન અંતર્ગત નોંધપાત્ર કામગીરી થયેલ છે.

''સુજલામ સુફલામ જળ અભિયાન'' ના ફળસ્વરૂપ જળસંચયનો વ્યાપ જોતાં આ અભિયાન અંતર્ગત ૨૦૨૩ના વર્ષની તા.૧૭-૦૨-૨૦૨૩થી જળસંચયના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે ઉપલબ્ધ પાણીનો કરકસરયુક્ત અને ઉચિત ઉપયોગ કરવા માટે જળ સંચય અભિયાનને વધુ સક્રિય તથા સફળ બનાવવા માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.